# 17th

## *ANNUAL REPORT*

# ALL MEMON WELFARE CO-OPERATIVE HOUSING SOCIETY LIMITED

**1-7-1987 to 30-6-1988**

## ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ

## ૧૭મો વાર્ષિક ઓડિટ હિસાબ-કિતાબ

Published by :
**MANAGING COMMITTEE**
**All Memon Welfare Co-operative Housing Society Ltd.**

Registered Office
247, Sunny Plaza, 2nd Floor,
Hashrat Mohani Road, Karachi.
Phone : 217590

Phone : 217590

# All Memon Welfare Co-op. Housing Society Limited

247, Sunny Plaza, 2nd Floor Hasrat Mohani Road, New Challi, Karachi.

Ref: 786 (99) AGM/17/502/88

Karachi Dated 25th Aug. 1988

## NOTICE FOR 17TH ANNUAL GENERAL BODY MEETING AND ANNUAL GENERAL ELECTION FOR 1988-89

17TH ANNUAL GENERAL BODY MEETING AND ELECTION FOR THE YEAR 1888/1989 OF ALL MEMON WELFARE CO-OP. HOUSING SOCIETY LIMITED, KARACHI WILL BE HELD
ON FRIDAY THE 14TH OCTOBER, 1988 AT 10.30 A.M.
AT GHOSIA HALL, RANCHORE LANE, KARACHI.

FOLLOWING AGENDAS WILL BE TRANSACTED AT THE ANNUAL GENERAL BODY MEETING:

All the Plot holders of the Society are requested to attend the meeting.

AGENDAS : (O-O) TILAWAT-E-QURA'N

ITEM NO. 1 To read & Confirm the minute of the last 16th Annual General Body Meeting of the Society held on 9th Oct., 87

ITEM NO. 2 To approve & Confirm the Annual Report of the activites of the Managing Committee for the year 1987/88 ended on 30th June 88.

ITEM NO. 3 To approve & confirm ihe Audited Accounts of the Society duly audited by the Chartered Accountant of the Society for the year 1987/88 ended on 30th June, 1988.

ITEM NO. 4 To elect/appoint Auditor for the year 1988/89 and to fix their remunaration.

ITEM NO. 5 To elect one President and 5 (five) Committeemen for 1988/89 as per Bye Laws No. 47(a) of the Society.
(A retiring President Mrs. Ishrat Hanif Motiwala and Committeemen namely (1) Mr. Abdul Gani Chapra, (2) Mr. Ghulam Hussain Habib (3) Mr. A. Razzak Hajee Mohammad Memon (4) Mr. Hajee Yusuf M. Memon (5) Mr. Abdul Sattar Suleman Bhangda.

ITEM NO. 6 To any other matter of which a Notice is given to the Committee, not less than 14 days before the Annual General Body Meeting.

NOTES:

1. Should the meeting be adjourned for want of QUORUM OR because of Agendas remain un-finished, the Adjourned meeting will be held on 21st Oct., 1988 at the same time and place.
2. Any member wishing to move any resolution should file the resolution text duly proposed and seconded in the Society's Office during office hours by 24th Sept., 1988.

ALI MOHAMMED PIPRANI
Hony General Secretary
For All Memon Welfare Co-op. Housing Society Limited

CamScanner

# ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ
# હાઉસીંગ સોસાયટીની
# પ્રમુખ
# મોહતરેમા ઈશરત હનીફ મોતીવાલાની



# ત ક રી ર

માનનીય સભ્યો,
હાજરીન ભાઈઓ અને બહેનો
અસ્સલામો અલયકુમ

આજની આ ૧૭મી વાર્ષિક સામાન્ય સભામાં આપ સૌને આવકારતા હું અત્યંત ખુશી અનુભવું છું.

વહાલા સભ્યો, આવો આપણે અલ્લાહ-તઆલાના શુક્ર અદા કરીએ કે તેની અપાર રહેમતો થકી આપણી સંસ્થા પોતાની ભરચક કારકીર્દીના ૧૬ વર્ષ પુરા કર્યા છે.

સંસ્થાની પ્રવૃતિઓનો વિગતવાર અહેવાલ આપણી સોસાયટીના ખંતીલા માનદ મંત્રી જ. અલીમોહંમદ પીપરાણી સાહેબે આપની સમક્ષ રજુ કર્યો છે એટલે તેને ફરીવાર દોહરાવીને આપનો કીમતી સમય વેડફવા માગતી નથી.

આજની આ વાર્ષીક સભાનો લાભ ઉઠાવીને મારે માત્ર એટલુંજ કહેવાનુ છે કે જયાં આપ ઇચ્છો છો કે સોસાયટી બધા કામો જેમ બને તેમ જલ્દી આટોપીને પ્લોટોની અમાનતો તેના એલોટીઓને સુપર્દ કરી દે. ત્યાં આપણી પણ આ પહેલી ફરજ છે કે સોસાયટી તરફથી વખતો વખત જે સુચનો આપવામાં આવે છે તેના ઉપર આપ સૌ અમલ કરો.

મને આ વાતની નોંધ લેતાં અત્યંત હર્ષ અને સંતોષ થાય છે કે ઓકટોબર ૧૯૮૫માં યોજાયેલી સોસાયટીની ૧૪મી વાર્ષીક સભા પ્રસંગે મારા તરફથી રજુ કરાયેલા તમામ મેમણ હાઉસીંગ સોસાયટીઓનું એક વગદાર મંડળ-ફેડરેશન ઉભું કરવાના સુચનને કોમની નેતાગીરીએ બહુજ ગંભીરપુર્વક ઉપાડી

લીધો છે. અને બે વર્ષના ગાળામાં જ. હાજી ઈબ્રાહીમ શેઠ પાકોલાવાલા, જ. અ. કરીમ પાનવાલા જ. મો. સીદીક પોલાણી, જ. પીરમોહંમદ કાલ્યા અને આપણી સંસ્થાના જ. અલીમોહંમદ પીપરાણી જ. રફીક નુરની અને મહુંમ જ. હારૂન મારફાણીની એકધારી કોશીશોથી 'ફેડરેશન ઓફ મેમણ કો-ઓપ. સોસાયટીઝ લી.''ના નામની એક મર્કઝી સંસ્થા કાયમ થઇ ગઇ છે. તેનો બંધારણ પણ તૈયાર થઇ ગયો છે અને ઉમ્મીદ છે કે ઇન્શાઅલ્લાહ તેને ટુંક સમયમાં જ રજીસ્ટ્રેશન મળી જશે. મજકુર ફેડરેશનની હંગામી ઓફીસ આપણી સોસાયટીની સની પ્લાઝાની ઓફીસમાં જ રાખવામાં આવી છે. ઉમ્મીદ છે કે આ મર્કઝી સંસ્થા દ્વારા આપણી બિરાદરીની તમામ હાઉસીંગ સોસાયટીઓને સારૂં એવું માર્ગદર્શન, માહિતીઓ અને સહાય મળતી રહેશે.

અલ્લાહતઆલાનો શુક્ર અદા કરૂં છું કે તા. ૨૭ ઓગસ્ટ ૧૯૮૭ના આપ તમામ સભ્યોને આપની અમાનતની એક મોટી જવાબ-દારી એલોટમેન્ટ ઓર્ડર આપવામાં અમે સફળ થયા છીએ. ઇન્શાઅલ્લાહતઆલા એવી જ રીતે ચાલુ વર્ષના અંત પહેલા અમે આપ અમાનતો (કબ્જો) આપવા માટે પુરેપુ કોશીશો કરશું.

અંતમાં હું અલ્લાહતઆલાનો શુક્ર અદા કરૂં છું કે જેના ફઝલો કરમ-વીતેલા વર્ષો દરમ્યાન અમારી સાથે રહયા અને દુઆ કરૂં છું કે ભવિષ્યમાં પણ અલ્લાહતઆલાના ફઝલો કરમ અમારી સાથે રહેશે તો સોસાયટી ચોક્કસ-નિશંક રીતે પોતાની મંઝીલ પર પહોંચી રહેશે. સાથોસાથ આપ સૌનો પણ આભાર માનું છું કે સોસાયટીના દરેક કાર્યોમાં આપનો અમલી સાથ-સહકાર મળતો રહયો અને ખાંસ કરીને આપણી સોસાયટીના માનદ મંત્રી જ. અહીમોહંમદ પીપરાણી તથા મેનેજીંગ કમીટીના સભ્યો અને ઓફીસ સ્ટાફનો કે જેમના સહકાર વગર આપણે આટલી કામ્યાબી હાંસીલ કરી શકયા ન હોત. ઉમ્મીદ રાખું છું કે ભવિષ્યમાં પણ આપ સૌનો અને ખાસ કરીને મેમજીંગ કમીટીના સભ્યોનો અમલી સહકાર મળતો રહેશે.

વસ્સલામ

# ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ

### ની મેનેજીંગ કમીટી વતી માનદ મંત્રી

## જનાબ અલીમોહમદ પીપરાણીએ

### રજુ કરેલો સંસ્થાનો

# ૧૭મો વાર્ષીક ઓડીટ હિસાબ-કિતાબ અને પ્રવૃત્તિઓનો અહેવાલ

## સન ૧૯૮૭-૮૮



માનવંતા પ્રમુખ સાહેબ,
માનનીય કારોબારી સમીતીના સભ્યો તથા
સોસાયટીના મોહતરમ પ્લોટ હોલ્ડરો,
બહેનો અને ભાઇઓ,

અસ્સલામો અલયકુમ,

ખુદાવંદ કરીમના ફઝલો કરમથી અને તેની અપાર રહેમતોના પરિણામે સંસ્થાએ પ્રવૃત્તિઓથી ભરપુર પોતાનો ૧૭મો વર્ષ પુરો કરીને હવે ૧૮માં વર્ષમાં શુભ પ્રવેશ કરી રહી છે.

અહેવાલવાળા વર્ષ દરમ્યાન આપ ભાઇ-બહેનોના મળેલા સાથ-સહકારના પરિણામે ગત વર્ષમાં સંસ્થાએ બજાવેલી કામગીરીનો અહેવાલ આપની સમક્ષ રજુ કરતાં હું બેહદ ખુશી અનુભવું છું.

## ગામવાદથીપર સંસ્થા :

આ હકીકતથી આપ સૌ સારી પેઠે જાણકાર છો કે આપણી સંસ્થા ગામવાદથી પર રહીને કોમની સમુહ વસાહત ઉપર ગંભીર રીતે કામ કરી રહી છે.

આપણી સંસ્થામાં વધુ પડતા સભ્યો મધ્યમ અને ગરીબ વર્ગથી સંબંધ ધરાવે છે. જેમાં નિરાધાર બેવા બાઇઓનું પ્રમાણ સારા જેવું છે.

## ચુંટણીઓ :

મને આ વાત જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે ૧૯૮૩ જુલાઇથી જ્યારથી નવી મેનેજીંગ કમીટીએ આ સંસ્થાની જવાબદારીઓ સંભાળી છે ત્યારથી નિયમીત રીતે દર વર્ષે વાર્ષિક ચુંટણીઓ, વાર્ષિક હિસાબ-કિતાબ અને વાર્ષિક સભાઓ યોજવામાં આવતી રહી છે. ગયા વર્ષે તા. ૯મી ઓકટોબર ૧૯૮૭ના મળેલી ૧૬મી વાર્ષિક સામાન્ય ચુંટણીઓમાં ફરી એક વાર મોહતરેમા ઇશરત હનીફ મોતીવાલા સાહેબા બિન હરીફ પ્રમુખ તરીકે ચુંટાઇ આવ્યા હતા અને મેનેજીંગ કમીટીમાં પુનઃ જ. અલીમોહમદ મીઠુ. જ. અમીન જમાલભાઇ, જ. હાજી હનીફ તૈયબ, જ. અ. સત્તાર સુલેમાન ભંગળા, જ. યુસુફ એમ. મેમન, જ. યુસુફ અબ્દુલ્લાહ એમ કુલ છ જણા મેનેજીંગ કમીટીમાં બિન હરીફ ચુંટાયેલા જાહેર કરાયા હતા.

CamScanner

## ચુંટણી કમીશન :

૧૯૮૩ પછી દર વરસે નીચે આપાયેલી તારીખો પર યોજાનારી વાર્ષિક ચુંટણીઓ માટે જ. હાજી ઉમર ઇશાની સાહેબે માનદ ઇલેકશન કમીશનર તરીકે પોતાની સેવાઓ આપી હતી જે માટે આપણે તેમના આભારી છીએ.

| | | |
|---|---|---|
| ૧ | ૧૯૮૪-૮૫ | ૧૨-૧૦-૮૪ |
| ૨ | ૧૯૮૫-૮૬ | ૧૮-૧૦-૮૫ |
| ૩ | ૧૯૮૬-૮૭ | ૩-૧૦-૮૬ |
| ૪ | ૧૯૮૭-૮૮ | ૯-૧૦-૮૭ |
| ૫ | ૧૯૮૮-૮૯ | ૧૪-૧૦-૮૮ |

## આંતરિક વિકાસનો બીજો તબકકો :

પહેલો તબક્કો જુલાઇ ૧૯૮૬માં પુરો થઇ જતાં તા. ૩૦-૧૨-૮૬થી આંતરિક વિકાસનો બીજો તબકકો જેમાં આંતરિક ગટર લાઇન તથા મેનહોલ અને હાઉસ ટુ હાઉસ ચેમ્બર કનેકશન શામેલ છે. તે શરૂ કરવામાં આવ્યો હતો અને તે હવે લગભગ પુરો થઇ ગયો છે.

## આંતરિક વિકાસનો ત્રીજો અને ચોથો તબકકો:

જેમાં આંતરિક પાણીની લાઇનો તથા આંતરિક રોડનું કામ શરૂ કરવાની તૈયારીઓ લગભગ પુરી કરી લેવામાં આવી છે અને ઇ. અ. આવતા ડીસેમ્બર ૧૯૮૮થી આ કામ શરૂ કરી દેવામાં આવશે.

## પાણીની લાઇનોના નકશાઓ :

મને આ જણાવતાં ખુશી થાય છે કે સતત એક વર્ષ દોડધામ પછી કરાચી વોટર અને સેવરેજ બોર્ડે આપણી વસાહત મેમન નગરના આંતરિક પાણીની લાઇનના નકશાઓ તા. ૧૭-૭-૮૮ના મંજુરી આપી દીધેલ છે. અને પાણીનો લાઇનના કનેકશન માટે અરજીઓ પણ તા. ૧૩-૯-૮૮ના દાખલ કરી દેવામાં આવી છે.

## ટ્રાન્સફર :

અમારી અગાઉની જાહેરાત મુજબ એલોટમેન્ટ ઓર્ડરની વહેંચણી પછી ટ્રાન્સફર ખોલવાનું અમે વચન આપ્યું હતું. તા. ૨-૧૦-૮૭થી એલોટમેન્ટ ઓર્ડર આપવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. એટલે ટ્રાન્સફર તા. ૧-૧-૮૮થી શરૂ કરી દેવામાં આવ્યા છે. ટ્રાન્સફર ફીસ રૂા. ૧૦) ગજ એકના હિસાબે રાખવામાં આવી છે. જ્યારે કે એલોટીના અવસાનના સંજોગોમાં મર્હુમના વારસદારો અથવા તેમના નોમેનીઓ માટે અડધી ટ્રાન્સફર ફીસ રૂા. ૫) ગજ એકના હિસાબે રાખવામાં આવી છે.

## દુખદ અવસાન :

ઘણીજ દીલગીરી સાથે આ નોંધ લેવામાં આવે છે કે આપણી સોસાયટીના એક સ્થાપક સભ્ય તથા એકસન કમીટીના પહેલા કન્વીનર જ. હારૂન અ. રહીમ મારફાણી કરાચી મુકામે તા. ૭-૯-૮૮ના રોજ બ્રેન હેમરેજના કારણે જન્નાહ હોસ્પીટલમાં ઇન્તેકાલ ફરમાવી ગયા (ઇન્ના...) મર્હુમ સોસાયટી માટે એક કાર્યકરજ નહીં પણ સોસાયટીને બચાવનાર મુજાહિદ હતા. મર્હુમ હમેશા સોસાયટીના તમામ નાના મોટા કામો માટે પોતાની જાતને આગળ આગળ રાખતા હતા. ખાસ કરીને સોસાયટીના માજી ઓહદેદારો વિરૂધ્ધની લડત દરમ્યાન તેમના અડગ વિશ્વાસ અને નિડર સાથ-સહકાર સોસાયટીને બચાવી લેવામાં અગ્ર ભાગ ભજવ્યો હતો. તેમના ઇન્તેકાલથી તેમના કુટુમ્બીજનોને તથા સોસાયટીને આ ન પુરી શકાય તેવી ખોટ બદલ આપણે સૌને ખરેખર ઘણોજ અફસોસ થયો છે. અલ્લાહ તઆલા મર્હુમને જન્નતુલ ફીરદોસમાં આલા મુકામ અતા ફરમાવે અને મર્હુમના કુટુમ્બીજનોને સબ્ર જમીલ અતા ફરમાવે, આમીન.

તા. ૧૦-૯-૮૮ના સોસાયટીની મેનેજીંગ કમીટીની તાકીદની સભાએ જ. અ. ગફાર મેમણના પ્રમુખપદે એક શોક ઠરાવ પાસ કર્યો હતો અને મર્હુમની મગફિરત માટે દુઆ કરી હતી અને મર્હુમ માટે કુર્આનખ્વાની તથા અંજલી સભા યોજવાનું નક્કી કર્યું હતું.

## મેમણ નર્સરી :

મને આ જણાવતાં અત્યંત ખુશી થાય છે કે મેમણ નગરની વસાહત અમલમાં આવે અને જ્યારે સભ્યો ત્યાં વસવાટ માટે જાય તો તેમના બંગલાઓને તથા આજુબાજુની જગ્યાએ લીલાછમ અને ફુલોની સજાવટથી સભર કરવા માટે તા. ૨૩મી માર્ચ ૧૯૮૮ના સેક્ટર ૧૫-એ ખાતે મેમણ ગાર્ડન નરસરી સ્થાપવામાં આવી હતી.

## કબ્જો :

અમારી મરૂઆતથી એ કોશીશ રહી છે કે પ્લોટ હોલ્ડરોના અમાનતરૂપ પ્લોટોના કબ્જાઓ જેમ બને તેમ વહેલી તકે તેમને આપી દેવામાં આવે અને તે માટે અમે ૧૯૮૩થી ઓફીસ સંભાળી ત્યારથી તેનું કામ શરૂ કરી દીધું હતું અને ક્રમવાર ૧૯૮૫માં બેલેટીંગ દવારા પ્લોટીંગ કરી દેવામાં આવી અને પ્લોટના નંબરો અપાયા તેજ વર્ષમાં શેર સર્ટીફીકેટો તથા ૧૯૮૬માં પાસ બુકો તથા ૧૯૮૭માં એલોટમેન્ટ ઓર્ડરો આપવામાં આવ્યા. અમારા નક્કી કરાયેલા કાર્યક્રમ મુજબ ૨૬ ઓગસ્ટ ૧૯૮૮ના કબ્જાઓ આપવાનું હતું પણ તા. ૧૭મી ઓગસ્ટના એક કરૂણ હવાઇ હોનારતમાં આપણા પ્યારા રાષ્ટ્ર પ્રમુખ જનરલ ઝિયાઉલ હક શહીદ થઇ જતાં પુરા રાષ્ટ્રમાં ગમની લહેર ફરી વળતાં આપણે આ પ્રોગ્રામને મોકુફ કરી નાખ્યો હતો અને તે પછી ૭મી સપ્ટેમ્બરના આપણા એક અગ્રગણ્ય કાર્યકર જ. હારૂન અ. રહીમ મારફાણીનો ઇન્તેકાલ થઇ જતાં અને તે પછી ૧૪મી ઓક્ટોબર ૧૯૮૮ના વાર્ષીક સભાનોઆ પ્રોગ્રામના કારણે હવે આવતા એકાદ માસમાં યોજવાનો ઇરાદો છે. મને ઉમ્મીદ છે કે આવનારી નવી કમીટી આ કામમાં જરાય ઢીલ નહીં કરે અને કબ્જાઓ વહેલી તકે આપી દેશે.

## ગેસ લાઇન :

મને એ જણાવતાં ખુશી થાય છે કે ગેસ લાઇન માટે સોક્ષાયટીની કોશીશો સતત જારી છે અને કરાચી ગેસ કંપનીમાં તે માટે વીધીસરની અરજી તથા નકશાઓ તા. ૧૬-૬-૮૮ના દાખલ કરી દેવામાં આવ્યા છે. ઉમ્મીદ છે કે આ માસના અંત સુધીમાં ગેસ કંપની સર્વેનું કામ પુરૂં કરીને સોસાયટીને ખર્ચાઓનો એસ્ટીમેટ આપી દેશે.

## ઇલેકટ્રીક લાઇન :

ગેસ લાઇનની સાથે ઇલેકટ્રીક લાઇન માટે પણ પ્રયાસો ચાલુ છે આપણા સેક્ટર ૧૩-એની સામે બાજુ થોડાક અંતરે ગુલઝારે હિજરી સ્કીમ ૩૩ના પોલીસ થાણાનું બાંધકામ શરૂ થઇ રહ્યું છે એટલે ત્યાં ઇલેકટ્રીક લાઇન પહોંચી જતાં ત્યાંથી આપણે ઓછા ખર્ચે લાઇન મળી શકે એમ હોવાથી હાલ તુરત અમે આ કામમાં ઢીલ કરી છે.

## પાંચ વર્ષનો તુલના રીપોર્ટ :

આ રીપોર્ટની સાથે અમે છેલ્લા પાંચ વર્ષના આવક-જાવકનો કમ્પરહેન્સી રીપોર્ટ આપી રહયા છીએ જેથી ૧૯૮૩-૮૪, ૮૪-૮૫, ૮૫-૮૬, ૮૬-૮૭ અને ૮૭-૮૮માં થયેલી આવક અને ખર્ચાઓ તથા રોકાણોની તુલના કરી શકો છો.

## મીટીંગો :

રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન કારોબારી કમીટીની કુલ ૯ મીટીંગોમાં એકંદરે સભ્યોની હાજરી ઠીક

રહી હતી પણ સંતોષકારક ન હતી. મને આ જણાવતાં અત્યંત દુઃખ થાય છે કે કમીટીના અમુક સભ્યો સંસ્થાની પ્રવૃત્તિઓમાં ઓછો રસ દેખાવે છે અને ઘણીખરી મીટીંગોમાં તેમથી ગેરહાજરી રહે છે. આ રિપોર્ટની સાથે મીટીંગોની હાજરી નોંધ આપેલ છે અને ઉમેદ છે કે તેઓ ભવિષયમાં સંસ્થાના કામમાં પુરેપુરો રસ લઇને હાજરી આપશે.

## મીટીંગોની હાજરી :

| નામ | કુલ મીટીંગો | હાજર | ગેર હાજર |
|---|---|---|---|
| મીસીસ ઇશરત હનીફ મોતીવાલા | ૯ | ૪ | ૫ |
| જ. ઇકબાલ ઇસ્માઇલ માંગરોલવાલા | ૯ | ૫ | ૪ |
| જ. અલીમોહમદ પીપરાણી | ૯ | ૭ | ૨ |
| જ. અ. ગની છાપરા | ૯ | ૩ | ૬ |
| જ. હનીફ હાજી અય્યુબ | ૯ | ૧ | ૮ |
| જ. યુસુફ એમ. મેમણ | ૯ | ૧ | ૮ |
| જ. અલીમોહમદ મીઠુ | ૯ | ૩ | ૬ |
| જ. યુસુફ અબ્દુલ્લાહ | ૯ | ૧ | ૮ |
| જ. અમીન જમાલ | ૯ | ૮ | ૧ |
| જ. અ. સત્તાર ભાંગડા | ૯ | ૯ | ૦ |
| જ. ગુલામહુસેન હબીબ | ૯ | ૮ | ૧ |
| જ. હનીફ હાજી તૈયબ | ૯ | ૦ | ૯ |
| જ. હારૂન અ. રહેમાન મારફાણી | ૮ | ૭ | ૧ |
| જ. અલીમોહમદ માયા | ૯ | ૨ | ૭ |
| જ. અઝીઝ સુલેમાન | ૯ | ૬ | ૩ |

## મુલાકાતો અને અને સંયુકત મીટીંગો :

મને આ જણાંવતાં અત્યંત ખુશી થાય છે કે સેકટર ૧૩-એ તથા ૧૫-એ અને ૧૬-એ વગેરે પાડોશી સોસાયટીઓનો આપણને ઘણોજ સરસ સહકાર મળી રહયો છે. આપણી સાઇટ ઓફીસ ઉપર અવારનવાર પાડોશી સોસાયટીઓથી સંયુકત મીટીંગો અને ચર્ચા-વિચારણાઓ થતી રહે છે. ખાસ કરીને ન્યુ લ્યારી, મલિક કો-ઓપ. મશરીક તથા કાઠીયાવાડ ધોરાજી, બાંટવા, જીલાની, વંથલી, વાંસાવાડ, કરાચી મેમણ તથા અન્ય મેમણ સોસાયટીઓથી હંમેશા ચર્ચા વિચારણા થયી રહે છે. કચ્છી મેમણ સોસાયટીના પ્રમુખ જ. હાજી હારૂન શેઠ (હારૂન લેસ) તથા અન્ય ઓહદેદારો તા. ૨૩મી માર્ચ ૧૯૮૮ના તથા કાઠીયાવાડ સોસાયટીની સ્કીમ ૩૩ના મહુંમ મેહદી મોતીવાલાની જગ્યાએ નિયુકત થયેલા કન્વીનર જ. અમીન વલીમોહમદ છુટાણીની આગેવાની હેઠળ સભ્યો અને ઓહદેદારોએ તા. ૨૭-૫-૮૮ના મેમણ નગરનો મુલાકાત લીધી હતી અને ચાલી રહેલા વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે જ. હાજી હારૂન શેઠ તથા કાઠીયાવાડ વતી અબુબકર કેઢી અને મેમણ હાઉસીંગ ફેડરેશનના ચેરમેન જ. મો. સીદીક પોલાણીએ વૃક્ષા રોપણ પણ કર્યું હતું.

## પાસબુકો શેર સર્ટીફીકેટો તથા એલોટમેન્ટ ઓર્ડર :

જે સભ્યો હજુ સુધી પાસબુક તથા શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ ઓર્ડર વસુલ કરી શકયા નથી તેમનાથી વિનંતી છે કે તેઓ આ બન્ને ચીજો જેમ બને તેમ વહેલી તકે સંસ્થાની ઓફીસેથી મેળવી લે. કારણ કે કબ્જો લેવા સમયે આ વસ્તુઓ આપના પાસે હોવી જરૂરી છે.

## સંસ્થાની નાણાકિય સ્થિતી :

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી સંસ્થાની નાણાકીય સ્થિતી દિન પ્રતિ દિન સુધરતી જઇ રહી છે. જે આપ રિપોર્ટની સાથે આપવામાં આવેલી ૩૦ જુન ૧૯૮૮ની બેલેન્સશીટમાં જોઇ શકશો.

૧૯૮૩ જુલાઇમાં જયારે આપણી ચુંટાયેલી મેનેજીંગ કમીટીએ ચાર્જ સંભાળ્યો હતો ત્યારે સોસાયટી પાસે પગાર આપવા માટે પણ પૈસા ન

હતા અને આપસમાં ઉધાર-ઉછીના લઈને સ્ટાફને પગાર આપ્યો હતો. જ્યારે કે આજે આટલો પ્રગતિકારક કામ ચાલુ છે તે છતાં પણ ફીકસ ડીપોઝીટમાં ૧૯૮૩-૮૪ના અંતે રૂા. નવ લાખ, ૧૯૮૪-૮૫માં ૧૨ લાખ ૧૯૮૫-૮૬માં રૂા. ૧૫ લાખ ૧૯૮૬-૮૭ના રૂા. ૨૭ લાખ તથા અત્યારે ૧૯૮૭-૮૮ના અંતે રૂા. ૪૦ લાખ સુધી પહોંચી ગઈ છે જે સંસ્થાની સધ્ધર નાણાકીય હાલતનો ચિતાર છે.

## સભ્યોથી વસુલી :

મને આ જણાવતાં અફસોસ થાય છે કે સંસ્થાની નાણાકીય સ્થિતી હજુ પણ વધુ મજબુત થઈ શકે છે. જો સભ્યો પોતાના ઉપર નીકળતી લેણાની રકમો અને હફતાઓની રકમો સમયસર ભરપાઈ કરી આપે. મારી આપ સૌને આજીજીપૂર્વક વિનંતી છે કે સોસાયટીની લેણી નિકળતી રકમો અને હપ્તાઓ અગર આપ સમયસર ભરપાઈ કરી આપો તો આપનું પોતાનુંજ કામ જલ્દી આટોપાઈ જશે.

## માજી ઓહદેદારો વિરૂધ્ધ ચાલુ રહેલી કાર્યવાહીઃ

ગયા વર્ષના રીપોર્ટમાં જણાવ્યા મુજબ માજી ઓહદેદારો જેમાં ઉપ પ્રમુખ જ. અ. સતાર સીલાટ માનદ મંત્રી જ. અમીન અબ્રહાની વિરૂધ્ધ ઉચાપત કરેલી રકમની વસુલી માટે સીન્ધ હાઈકોર્ટમાં કેસ ચાલી રહ્યો છે તેવીજ રીતે માજી એડમીનીસટ્રેટર જ. મસુદ મીરઝા વિરૂધ્ધ એન્ટીકરપ્શન (સદા વિરૂધ્ધ ખાતા)માં કારવાહી ચાલી રહી છે. આપ સહુથી મારી અપીલ છે કે આપ બારગાહે ઇલાહીમાં દુઆ કરો કે અલ્લાહ તઆલા સોસાયટીના હકમાં જે બહેતર હોય તે ફરમાવે. આમીન.

## અવકાફ ડીપાર્ટમેન્ટ :

ગયા વર્ષના રિપોર્ટમાં જણાવ્યા મુજબ ઇવેકયુઇ પ્રોપર્ટી ખાતા તરફથી સેકટર ૧૫-એની જમીન ઉપર ૫૦ x ૪૭૦ ફીટ જમીનની એક પટી જે લગભગ ાા એકર થઇ જાય છે તેના પર તેમનો દાવો છે. આ બાબતમાં સોસાયટી પોતાના બચાવ દસ્તાવેજો ધરાવે છે અને તેમના વાંધા દાવાને પડકાર આપ્યો છે. આપ દુઆ કરો કે અલ્લાહ તઆલા આપણા હકમાં જે બહેતર હોય તે કરે. આમીન.

## ડેવલપમેન્ટ સબ-કમીટી :

મને એ જણાવતાં અત્યંત ખુશી થાય છે કે સોસાયટીના ઉપ-પ્રમુખ જ. મો. ઇકબાલ ઇસ્માઇલ માંગરોલવાલાની વડપણ હેઠળ રચાયેલી ડેવલપમેન્ટ સબ કમીટી પોતાનું કામ બહુ ખંતપુર્વક કરી રહી રહી છે મને ઉમ્મીદ છે કે ભાઇ ઇકબાલ મેમણ આવીજ ધગશથી કામ કરશે અને આપણો સૌનો તેમને સાથ-સહકાર મળી રહે, તો તેઓ સરળતાથી પોતાનું કામ આગળ ધપાવી શકશે અને જેમ બને તેમ જલ્દી પ્લોટોના કબ્જાઓ આપી શકાશે.

## મેમણ સોસાયટીઓનું ફેડરેશન :

મને એ જણાવતાં અત્યંત ખુશી થાય છે કે આપણા બાનુ પ્રમુખ મોહતરેમા ઇશરત મોતીવાલાના બાજના પ્રવચનમાં અપાયેલી વિગતો મુજબ મેમણ બિરાદરીની તમામ કો-ઓપ. હાઉસીંગ સોસાયટીઓનું એક વગદાર મંડળ "ફેડરેશન ઓફ મેમણ કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી."ના નામથી કાયમ કરી લેવામાં આવ્યું છે. જેની કેમ્પ ઓફીસ આપણી સોસાયટીની ઓફીસમાં રાખવામા આવી છે અને આપણા ઓફીસ સેક્રેટરી જ. રફીક નુર મજકુર ફેડરેશનના OSD તરીકેની પોતાની માનદ સેવાઓ આપી રહયા છે.

## આભાર દર્શન :

અંતમાં હું સંસ્થાને હમેશા સાથ-સહકાર

CamScanner

આપનારા કોમી અગ્રેસરો અને ખાસ કરીને પાકિસ્તાન સરકારના હજ ખાખતોના સલાહકાર જ. અલહાજ ઝકરિયા કામદાર અને ઓલ પાકિસ્તાન મેમણ ફેડરેશનના પ્રમુખ હાજી હનીફ તૈયબ, જ. હાજી ઇબ્રાહીમ પાકોલાવાલા, યુનાઇટેડ મેમણ જમાતના પ્રમુખ જ. અ. હફીઝ મેમણનો આભાર માનું છું કે જેઓ વખતો વખત પોતાનો કીમતી સમય આપીને સંસ્થાને પોતાની અમુલ્ય સલાહ–સુચનો અને માર્ગ-દર્શન આપતા રહયા છે. આ રિપોર્ટમાં હું આપણી સંસ્થાના બાનુ પ્રમુખ મોહતરેમા ઇશરત હનીફ મોતીવાલા સાહેબનો અને ઉપ પ્રમુખ જ. ઇકબાલ ઇસ્માઇલ માંગરોલવાલાનો અને મરહુમ હારૂન રહીમ મારફાણી સાહેબનો ખાસ આભાર માનું છું કે તેઓ વખતો વખત પોતાનો કીમતી સમય કાઢીને સંસ્થાની તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહયા છે. તેમજ કારોબારી કમીટીના મારા સાથીઓનો પણ આભાર માનું છું કે જેઓના માયાળુ સહકારના કારણે આપણે આટલા આગળ વધી શકયા છીએ. આ તકે હું માજી ડી.સી. ઇસ્ટ જ. અશફાક મેમણ તથા તેમના બીજા અધીકારીઓ અને આસી. રજીસ્ટ્રાર જ. ઇબ્રાહીમ ચન્ના અને તેમના સાથી અધીકારીઓનો તેમના માયાળુ સહકાર બદલ આભાર માનું છું. આ તકે જ. હાજી ઉમર અહમદ ઇશાની જેઓ વંથલી જમાતના અગ્રેસર છે તેમના પણ અમે આભારી છીએ કે સતત ચાર વર્ષ થયા સોસાયટીના માનદ ઇલેકશન કમીશનર તરીકે પોતાની ઉમદા સેવાઓ આપીને આપણી સોસાયટીની ચુંટણીઓ કાયદેસરના નિયમો મુજબ નિષ્પક્ષ રીતે કરાવી આપી.

આ ઉપરાંત સંસ્થાના સમાચારોને પોતાના દૈનિક, પખવાડીક તથા માસિક પત્રોમાં યોગ્ય સ્થાન આપીને અમને સહકાર કરનાર 'ડાન ગુજરાતી' 'મિલ્લત', 'વતન' તથા 'મેમણ બુલેટીન', 'મેમણ ન્યુઝ' અને 'મેમણ આલમ'ના તંત્રી સાહેબોનો પણ ખાસ આભાર માનું છું.

એ સિવાય આપણા કાનુની સલાહકાર જ. અ. લતીફ અ. શકુર સાહેબનો અને જ. આરીફ બિલાલ એડવોકેટનો સરફરાજ વકીલ તથા માજી પ્રમુખ જ. અ. મજીદ ફાઝલ સાહેબનો કે જેમના કાનુની સલાહ–સુચનો અને સાથ–સહકાર બદલ આભાર માનું છું આ પ્રસંગે સંસ્થાને હમેશા ભરપુર સાથ અને સહકાર આપનાર જ અ. ગફાર હાશમ મોતીવાલાનો તથા સંસ્થાની મીટીંગો માટે ગૌસિયા હોલ આપવા બદલ જ. હાજી નુરમોહમદ ઉરૂસવાલાનો આભાર માનું છું. તેમજ આપણા ઓફીસ સેક્રેટરીથી લઇને બધા ઓફીસ સ્ટાફનો અને સોસાયટીના કન્સલટીંગ ઇન્જીનીયર જ. એમ. આલમનો પણ તેમના ઉમદા કામ બદલ કદરદાનીપુર્વક તથા બીજાઓનો આભાર માનું છું કે જેમનાં નામોનો અહીં ઉલ્લેખ નથી.

## ક્રેડીટ કો–ઓપ. સોસાયટી :

સંસ્થાના સભ્યોને નાણાકિય સહાય માટે એક સુવ્યવસ્થિત ક્રેડીટ કો–ઓપ. સોસાયટીની સ્થાપનાનો ઇરાદો છે. જેથી જરૂરત સમયે સભ્યો આસાન અદાયગીની શરતે નાણાકીય લોન મેળવી શકે.

## કો–ઓપ. સ્ટોર :

આવીજ રીતે મેમણ નગરમાં એક કો–ઓપ. સ્ટોર શરૂ કરવાનો પણ ઇરાદો છે જેથી રોજીંદા જીવન જરૂરિયાતની વસ્તુઓ આસાનીથી અને કિફાયત ભાવે રહેવાસીઓને મળી શકે.

## ટ્રાન્સપોર્ટ સગવડ :

મેમણ નગરના રહેવાસીઓની સગવડ માટે સોસાયટી પોતાની બસ સરવીસ પણ ચાલુ કરવાની નેમ ધરાવે છે.

CamScanner

### હાઉસ બિલ્ડીંગ ફાયનાન્સ :

સોસાયટીના સભ્યોને મેમણ નગરમાં પોતાના પ્લોટોના બાંધકામ માટે હાઉસ બીલ્ડીંગ ફાયનાન્સ કોરપોરેશનથી લોન મેળવી આપવાની કોશીશ કરવામાં આવશે.

### કોમર્શીયલ પ્લોટ :

મેમણ નગરમાં રાખવામાં આવેલા કોમર્શીયલ પ્લોટો સભ્યો રહેવાસીઓને લીલામ દ્વારા આપવામાં આવશે.

### મસ્જિદ માટે અપીલ :

મેમણ નગરના બન્ને સેકટરમાં એક એક મસ્જિદનું બાંધકામ પણ ઇન્શાઅલ્લાહ ટુંકમાં જ શરૂ કરવામાં આવશે. કોમના સખીવજુદો અને સોસાયટીના સભ્યોથી વિનંતી છે કે તેઓ મસ્જિદ બાંધકામના નેક કામમાં સોસાયટીની પુરી મદદ કરે. આ માટે મસ્જિદ ફંડ કાયમ કરવામાં આવ્યો છે, જેમાં દરેક જણ પોતાનો ફાળો નોંધાવી શકે છે.

અંતમાં સંસ્થાનો આ વાર્ષિક રિપોર્ટ શાંતિથી સાંભળવા બદલ અને મને અવારનવાર સાથ–સહકાર આપવા બદલ આપ તમામ હાજરીનોનો અને સભ્યોનો દિલી આભાર માનું છું.

ખુદાવંદ કરીમ આપણે સૌને નેક નિયત, ઇમાનદારી અને સંપથી કોમની ખિદમત કરવાની તોફીક અતા ફરમાવે.

વમા તવફીકી ઇલ્લા બિલ્લાહ (આમીન

# Office Bearers & Members of the

# Managing Committee

## 1987-88

| | | | |
|---|---|---|---|
| 1 | Mrs. | ISHRAT HANIF MOTIWALA | President |
| 2 | Mr. | IQBAL ISMAIL MANGROLWALA | Vice President |
| 3 | Mr. | ALI MOHAMMED PIPRANI | Hon. Gen. Secretary |
| 4 | Mr. | ABDUL GHANI CHAPRA | Committeeman. |
| 5 | Mr. | HANIF HAJEE AYUB | ,, |
| 6 | Mr. | YUSUF M. MEMON | ,, |
| 7 | Mr. | ALI MOHD. MITHOO | ,, |
| 8 | Mr. | YUSUF ABDULLAH | ,, |
| 9 | Mr. | AMIN JAMAL | ,, |
| 10 | Mr. | ABDUL SATTAR BHANGDA | ,, |
| 11 | Mr. | GHULLAM HUSSAIN HABIB | ,, |
| 12 | Mr. | RAZZAK HAJI MOHAMMED | ,, |
| 13 | Mr. | HANIF HAJI TAYUB | ,, |
| 14 | Mr. | HAROON A. RAHIM MARFANI | ,, |
| 15 | Mr. | ALI MOHAMMED MAYA | ,, |
| 16 | Mr. | A. AZIZ SULEMAN | ,, |

CamScanner